# અર્વાચીન ગુજરાતી સાહિત્યનો ઉદયકાળ : વિરલ વિદ્યાનિષ્ઠા અને ભાષાનિષ્ઠા*

રમણ સોની

નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટના અભ્યાસી કાર્યવાહકો તથા સભામાં ઉપસ્થિત સૌ સાહિત્ય-વિદ્યારસિક મિત્રો,

ભગતસાહેબનું સૌથી યાદગાર સ્મરણ એ રહેવાનું કે એ એક ઊર્જાશીલ અને સ્વાધ્યાયશીલ વક્તા હતા. સાહિત્ય વિશે કે વિદ્યા વિશે, અરે ચર્ચાના કોઈ પણ મુદ્દા વિશે કલાકો સુધી અ-થાક અને ઉત્તમ વક્તવ્ય એ કરી શકતા. વળી, એમને કંઈ હંમેશાં પાંચસો-હજાર શ્રોતાઓની જરૂર પડતી નહીં – બે-પાંચ શ્રોતાઓ સામે પણ એ એવી જ ઊર્જાથી ને પ્રભાવક અવાજે વક્તવ્ય કરી શકતા. એટલે કે મિત્રમંડળી અને સભાસમુદાય એમને માટે એક જ બાબત હતી. કવિ તરીકે પણ એમની એવી જ ઊર્જા. તમે એમની કવિતા વાંચતા હો ત્યારે, એ છાપેલા શબ્દોમાં પણ, તમે એમના છંદોલયનો એવો જ પ્રભાવક ઘોષ સાંભળી શકો.

આવા પ્રભાવશાળી કવિ, વિવેચક, વિચારક અને અધ્યાપકની સ્મૃતિમાં રચાયેલી આ સંસ્થામાં મારો આ સ્વાધ્યાય રજૂ કરતાં મને આનંદ થાય છે.

○

મારે, અર્વાચીન ગુજરાતી સાહિત્ય અને વિદ્યાનો જે પ્રારંભિક કાળ હતો એની, એ ઉદયકાળની વાત કરવી છે, પરંતુ એ પહેલાં, એ સમયની વાત મારે શા માટે કરવી છે એની એક ટૂંકી ભૂમિકા તરીકે આજની, આપણા આ સામ્પ્રત સમયની સાહિત્ય-સ્થિતિ વિશે થોડુંક કહેવું છે.

૨૧મી સદીની પહેલી પચીસી પૂરી થવાને આરે છે ત્યારે આપણું આ નાનુંસરખું સાહિત્યજગત ક્યાં ઊભેલું છે? ગુજરાતી સાહિત્યની પરંપરા તો ઘણી સમૃદ્ધ છે – એક તરફ સંસ્કૃત સાહિત્ય અને વિદ્યાના ઊંડા પરિશીલનથી ને બીજી તરફ પશ્ચિમના બલકે વિશ્વસાહિત્યના સઘન પરિચયથી, ગુજરાતી સાહિત્યે એની એક ગૌરવભરી મુદ્રા ઉપસાવી છે. આજે પણ કેટલાક ઉત્તમ સર્જકો ને વિવેચકો આપણી વચ્ચે છે.

આ બધું છતાં, આજે આપણા સાહિત્યજગતની પ્રભાવકતા જાણે કે ઝાંખી થતી ને ઓસરતી જણાય છે. આપણે કેટલીક બાહ્ય અને આંતરિક મુશ્કેલીઓ અને મૂંઝવણોમાંથી, બલકે એક વિલક્ષણ કટોકટીમાંથી પસાર થઈ રહ્યાં છીએ. આપણો આખો આ ગુજરાતી પ્રજાસમુદાય – એમાંથી સાહિત્ય અને કલાના રસિકો તેમજ વિદ્યારસિકો કેટલી ઝડપથી ઓછા થતા જાય છે! મોટા ભાગનો પ્રજાવર્ગ સાહિત્યથી ઠીકઠીક વિમુખ છે. એ અર્થમાં પણ આપણું સાહિત્ય પ્રજા-અભિમુખ નથી. સાહિત્યનો ઉજ્જ્વળ ટાપુ જાણે કે અળગો પડી ગયા જેવો છે. આપણા સાહિત્યકારની પ્રભાવકતાનો અવાજ એક સીમિત વર્તુળને ઠેકીને આગળ જતો નથી. કોઈને જરા જુનવાણી લાગે, પણ એ હકીકત છે કે ઉત્તમ રુચિનું અને સંસ્કારશીલતાનું, તેમજ ઊંડી સંવેદનશીલતાનું પોષણ-વર્ધન કરવું એ પણ સાહિત્યની એક શક્તિ છે. ને એ શક્તિ ક્ષીણ થઈ છે, કેમ કે જે લક્ષ્ય-વર્તુળ હોવું જોઈએ એ શૂન્યાવકાશ વાળું છે – ‘ભાવકઃ અત્ર દુર્લભઃ’

વળી આજે સાહિત્યની પ્રભાવકતા પર એક બીજો આઘાત પણ થયેલો છે. આપણી વિલક્ષણ

શિક્ષણપદ્ધતિ વિવિધ ભાષાઓનાં ઓળખ અને અભ્યાસને વૈકલ્પિક કરતી ગઈ છે. એક સમયે, એક સાથે ત્રણથી ચાર ભાષાઓનો પરિચય કરતા શાળાના વિદ્યાર્થી પર દયા ખાઈને આપણે એને લગભગ એક ભાષાને હવાલે કરી દીધો છે. એ ઉપરાંત, ગુજરાતીભાષી યુવાન મા-બાપોની કંઈક ગેરસમજભરી એકાંગી અંગ્રેજી-પરસ્તીએ, અને હાઈ-સોસાયટીના કંઈક વિચિત્ર ખ્યાલે ગુજરાતી ભાષાની, એટલે કે માતૃભાષાની ઉપેક્ષા કરી છે. પરિણામે આજનાં ગુજરાતી બાળકો ને કિશોરો ગુજરાતી ભાષા બોલી-સમજી શકે છે ખરાં, પણ ગુજરાતી પરિવારોનાં અનેક સંતાનો ગુજરાતી ભાષા વાંચી-લખી શકતાં નથી. ગુજરાતીમાં લખાયેલું-છપાયેલું સર્વ કાંઈ એમને માટે ગ્રીક-એન્ડ-લેટિન છે. મેં જોયું છે કે હૅરી પોટરને રસથી વાંચતાં બાળકો, એથીય વધારે વૈવિધ્યવાળા રસપ્રદ ને સમૃદ્ધ ગુજરાતી બાળસાહિત્યથી વંચિત રહે છે. એટલે, ગુજરાતી વાણી તો જીવશે, એ જીવવાની જ છે, પણ આ નવીનતર પેઢીમાં ગુજરાતી લિપિનું, એટલે કે વાચન અને લેખનનું શું થશે એ એક સમસ્યા છે. એક તરફ, સાહિત્ય માટેનો ભાવકવર્ગ તો ઘટતો ચાલ્યો છે ને બીજી તરફ, આ રીતે, હવે તો ભાષાનો વાચકવર્ગ પણ હ્રસ્વ થતો ચાલ્યો છે – 'વાચકઃ અત્ર દુર્લભઃ.' પ્રાથમિક શિક્ષણમાં માતૃભાષાને ફરજિયાત કરવાનો સરકારી ઠરાવ થયો છે એ આમ તો સુચિહ્ન ગણાય, પરંતુ એ પણ જો કર્મકાંડ આગળ અટકી જશે ને ગુજરાતી ભાષા અંગે લોકમાનસની ઉદાસીનતા ને ઉપેક્ષા જેમની તેમ રહેશે તો... આપણું ઉત્તમ સાહિત્ય પણ વાંચી શકનાર વાચકો આપણે ક્યાં શોધવા જઈશું?

○

હવે આપણે જરા અંદર તરફ, સામ્પ્રત સાહિત્ય અને વિદ્યાની આંતરિક સ્થિતિ પર પણ એક ઝડપી નજર કરી લઈએ?

સાહિત્યનું વિવેચન અને સંશોધન, મહદંશે તો આપણી યુનિવર્સિટીઓમાં જ ઊછરતું ને વિકસતું હોય છે. પણ છેલ્લાં કેટલાંક વરસોથી, અલ્પ અપવાદોને બાદ કરતાં, નવા અભ્યાસીઓમાં **વિદ્યાતપ**ની વાત તો દૂર રહી, જરૂરી એવી **વિદ્યાનિષ્ઠા**નો પણ અભાવ જોવા મળે છે. સંદર્ભ-સાહિત્યમાં ફરી વળવાનાં જિજ્ઞાસા અને તત્પરતા ક્ષીણ થતાં ગયાં છે. સંશોધનના પદ્ધતિશાસ્ત્રને અનુસરવાની મૂળભૂત જરૂરિયાત ભુલાઈ ગઈ છે, ને એ ઉપરાંત, આ અભ્યાસીઓમાં, નવું વિચારીને પોતાની સ્વકીય સૂઝને યોજવાને બદલે, પારકી સૂઝને જ કોરા કાગળો પર ચોંટાડીને કામ આટોપવાની વૃત્તિ વધતી રહી છે. એથી યુનિવર્સિટીના બહુસંખ્ય સ્કૉલરોના તો નિરુપયોગી બલકે નિષ્પ્રાણ અધ્યયન-પ્રબંધો ખડકાયે જાય છે. આખરે, ચિંતા એ વાતની થાય છે કે દોઢસો-પોણા બસો વર્ષની ગુજરાતી સંશોધન-વિવેચનની સમૃદ્ધ અને ઉજ્જ્વળ પરંપરા વણ-યોજાયેલી ને એમ વણ-વપરાયેલી રહે છે. હતાશ કરનારી બાબત તો એ છે કે વિદ્યા-પરંપરાના સંવર્ધનની જે મજબૂત કડી, એ સાવ ઢીલી થઈ ગઈ છે, કદાચ મૂળથી છૂટી પડી ગઈ છે. આપણી પ્રતિષ્ઠિત વિદ્યાસંસ્થાઓને તથા સાહિત્યસંસ્થાઓને આવી વિપરિત સ્થિતિનું કંઈ દાઝે છે ખરું?

અને આપણી ભાષાનિષ્ઠા? એ પણ જાણે તળિયે જઈને બેઠી છે. સઘન અને અસરકારક લેખનની વાત તો પછી આવે, પરંતુ આપણા વિદ્યાર્થીઓમાં જ નહીં, આપણા શિક્ષકો-અધ્યાપકોમાં અને પત્રકારો-લેખકોમાં પણ ગુજરાતી ભાષાની પાયાની કાળજીનો અભાવ, એટલે કે લેખન-મુદ્રણનાં શુદ્ધિ અને ચોકસાઈ પ્રત્યે ઉદાસીનતા જોવા મળે છે. સાહિત્યનાં સામયિકોમાં, પ્રકાશિત થતાં

પુસ્તકોમાં – ને પાઠ્યપુસ્તકો સુધ્ધાંમાં – ભાષાનું ઘણી ભૂલોવાળું શિથિલ રૂપ જોવા મળે છે. જોડણીની, એટલે કે લેખનની એકવાક્યતાની, તથા વાક્યવિન્યાસ સુધ્ધાંની બેકાળજી બધાંને કોઠે પડી ગઈ છે. ગુજરાતી ભાષાની જે પ્રધાન ઓળખ કહેવાય એ અનુસ્વારની સમજને અભાવે કેટલાં બધાં લખાણોમાં એક પ્રકારની અરાજકતા દેખાયા કરે છે! આપણા શબ્દકોશોની નવી આવૃત્તિઓ પણ ભાષાદોષોથી ખરડાયેલી છે. થોડાંક વર્ષો પહેલાં, એક લોકપ્રિય સામયિકમાં, વર્તમાનપત્રોમાંના દેખાતા ભાષાદોષો 'છાપાના છબરડા' એવા નામે છપાતા ને રમૂજ પૂરી પાડતા – આજે આવા છબરડા સામયિકો-પુસ્તકોમાં પણ પ્રસરી ચૂક્યા છે. અને આ બધું આપણા સંપાદકો, લેખકો, વાચકો ઠંડે કલેજે ચલાવી લે છે. એમ થાય છે કે, ભાષા અંગેની આપણી સંવેદનશીલતા જ બુઠ્ઠી થઈ ગઈ છે કે શું? આગળ આપણે જોઈશું કે છેક આપણા આરંભકાલીન લેખકો-સંપાદકોની ભાષાસંવેદનશીલતા કેવી ઉત્કટ હતી! લેખનશુદ્ધિની આપણી જે ઉત્તમ પરંપરા છે, એની કડીઓ પણ જાણે વેરણછેરણ થઈ ગઈ છે.

આપણને સૌને ચિંતા કરાવે એવી બીજી એક વિડંબના એ છે કે, સાહિત્યના લેખક તરીકેનું, સર્જક-વિવેચક તરીકેનું જે ગૌરવ; એક પ્રબુદ્ધ સંવેદનશીલ તરીકેનું જે સ્વમાન હોય એ પણ હ્રસ્વ થતું જાય છે. નાનાનાના લોભોમાં અટવાઈને આપણા કેટલાય લેખકો, સર્જકની સ્વતંત્રતા – અને સ્વાયત્તતાની – ખેવના કરવાને બદલે, ક્ષુલ્લક લાભો તરફ ઢળી રહ્યા છે ને એ માટે, કેટલાક તો, સાહિત્યગુરુઓને તથા ધર્મગુરુઓને શરણે જાય છે. તમે જુઓ કે, અત્યારે પુરસ્કારો ને એવોર્ડોનો, ક્યારેક ન હતો એવો અભૂતપૂર્વ ફુગાવો થયો છે ને એના અર્પણમાં ક્યારેક તો યોગ્ય-અયોગ્યનો, ગોળ અને ખોળનો ભેદ પણ રહેતો નથી.

એક વિચિત્ર સ્થિતિ એ પણ થઈ છે કે ઉત્તમ સર્જન-વિવેચન-સંશોધન કરનાર કેટલાક વરિષ્ઠોએ નવી પેઢીના સર્જકો અને અભ્યાસીઓને સાચું ને આકરું માર્ગદર્શન આપવાને બદલે કેવળ શુભેચ્છાઓ આપવાની આત્મવંચક સમાધાનવૃત્તિ કેળવી છે. નવલરામ ને બળવંતરાય જેવાના – અરે, હમણાંના બે-ત્રણ દાયકાઓ સુધીના વરિષ્ઠ અભ્યાસીઓના – સ્પષ્ટ અને ઊંચા અવાજો જાણે વિરમી ગયા છે. એથી એક પ્રકારની મધ્યમબરતા(મિડીયોક્રિટી) ઊભરતી ગઈ છે. ખરી વાત તો એ છે કે, જ્યારે માણસની પોતાની આંતરિક શક્તિ કરતાં એની મહત્ત્વાકાંક્ષા આગળ દોડવા લાગે, ત્યારે ટૂંકામાં ટૂંકે રસ્તે સ્વીકૃતિ ને પ્રસિદ્ધિ મેળવવાની એની વૃત્તિ વધતી જાય છે. એવો એક શૉર્ટકટ ફેસબુક-કલ્ચરનો પણ છે. અલબત્ત, સંક્રમણની ને જાણકારીની વિધાયકતા તો ફેસબુકના માધ્યમમાં પણ છે, પરંતુ એ અલ્પ કિસ્સાઓમાં જ દેખાય છે. બહુધા તો એનાથી આ નવ-લેખકો ક્ષુલ્લક સ્વીકૃતિઓ(Likes!)માં ને તુચ્છ પરિતૃપ્તિઓમાં અટવાય છે – સાચું ને આકરું કહેનાર ખરા શુભેચ્છકોની એ લેખકોને તમા નથી.

કેટલું કહેવું? ટૂંકમાં, જે ચિંતાજનક છે તે એ છે કે આપણા ઉત્તમ ને ગૌરવશીલ સાહિત્યકારોએ જે ઊજળી પરંપરા આપણી સામે ધરી છે – ને અત્યારે પણ અલ્પસંખ્ય ઉત્તમ સર્જકો-વિવેચકો જે કરી રહ્યા છે – એમાંથી પરિપોષણ ને પ્રેરકતા મેળવવાનું જાણે કે અટકી ગયું છે. ગુજરાતી સાહિત્યમાં અર્વાચીનતા, આધુનિકતા અને અનુઆધુનિકતાના વળાંકો વખતે સમૃદ્ધ સાહિત્ય-પરંપરા સામે જે વિધાયક ને શક્તિમંત પડકારો ને પ્રતિકારો જન્મેલા એના ઘોષ પણ શમી ગયા છે. એવાં વૃત્તિ અને શક્તિ જાણે કે આપણે ગુમાવતાં જઈએ છીએ.

○

આવા કપરા સમયે મારે, અર્વાચીન ગુજરાતી સાહિત્યના આરંભકાળે, વિદ્યાનિષ્ઠા અને ભાષાનિષ્ઠાના, લેખક અને વ્યક્તિ તરીકેના ગૌરવ અને સ્વાતંત્ર્ય અંગેના, જે પ્રહર્ષક ઉન્મેષો પ્રગટેલા એની કેટલીક વાતો કરવી છે. હું અહીં, સુધારકયુગ તરીકે ઓળખાવાયેલા એ સમયના સાહિત્યની સમીક્ષા કે એનું મૂલ્યાંકન કરવાનો નથી – એ બધું તો સાહિત્યના ઇતિહાસો ને વિવેચનોએ પૂરતા પ્રમાણમાં કરેલું છે. મારું ધ્યાન હું સાહિત્ય અને વિદ્યા પરત્વેનાં એ સમયનાં નિષ્ઠા અને નિસબત પર કેન્દ્રીત કરવા માગું છું.

એ સમયને આપણે 'સુધારક'યુગ કહ્યો એમાં એક અલ્પોક્તિ થયેલી છે. ને એને કારણે, સમાજસુધારાની તત્કાલીનતાના અને નરી મુખરતાના ગાન તરીકે એ સમયની સાહિત્યપ્રવૃત્તિની કંઈક અવગણના કે ઉપેક્ષા થતી રહી છે – એનું અન્ડર-ઍસ્ટિમેશન, અવ-મૂલ્યન થતું ગયું છે.

એ સમયના લેખકો સંસાર-સુધારાની એકમાત્ર પ્રવૃત્તિમાં સીમિત રહ્યા નથી – એ તો એમનું એક પ્રાપ્ત કર્તવ્ય હતું. બાકી એમનાં કાર્યોનો, ને એમના વિચારોનો વ્યાપ એથી ઘણો વધારે હતો – આખા સંસ્કારજગતને સ્પર્શવાની અભીપ્સાવાળો હતો. અખૂટ જિજ્ઞાસા અને મહેનતપૂર્વક નવા જ્ઞાનની પ્રાપ્તિ કરવી, એનો આખા પ્રજાસમુદાયમાં પ્રસાર કરવો, અને લેખનમાં એનો વિનિયોગ ને એનો વિમર્શ પણ કરવો – એ એમનાં લક્ષ્ય હતાં.

ઉત્તમ સર્જકપ્રતિભાઓ એ સમયે દેખાડી ન હતી એવો મુદ્દો આગળ કરવામાં આવે છે, એ વાત ઘણે અંશે સાચી પણ છે, પરંતુ ઉત્તમ સર્જકપ્રતિભા એ એક રીતે તો સમયનિરપેક્ષ હોય છે – એનો ગ્રાફ કંઈ રૈખિક વિકાસ મુજબ ચાલનારો – લિનિયર હોતો નથી. નરસિંહ-પ્રેમાનંદ-અખા જેવા મધ્યકાલીન સર્જકોની શક્તિ આગળ અર્વાચીન સાહિત્યનો આરંભકાળ ઓછા તેજવાળો લાગવાનો. તે સમયે ખુદ દલપતરામે જ નિખાલસતાથી કહેલું કે, 'કવિતા માત્ર મહેનતથી થતી નથી, તેમાં ઈશ્વરી બક્ષિસ [એટલે કે પ્રતિભા] પણ જોઈએ. પ્રેમાનંદનાં વર્ણનોમાં એવી બક્ષિસ દેખાય છે.' પછી તરત દલપતરામ કહે છે '[મારા] પોતાનામાં એ [બક્ષિસ] નથી.'[૧]

એટલે અર્વાચીનોના આદ્ય એવા દલપતરામ અને નર્મદ કવિઓ તરીકે તો મધ્યમ શક્તિવાળા હતા પરંતુ એમની કાર્યશક્તિની ક્ષિતિજો વિદ્યાનાં અનેક ક્ષેત્રોને સ્પર્શનારી હતી. ઈ.૧૮૮૭માં 'સરસ્વતીચંદ્ર-૧' પ્રગટ થાય છે ને સર્જન-ચિંતનનાં ઉત્તમ શિખરો દેખાવા લાગે છે – ગોવર્ધનરામમાં, ન્હાનાલાલમાં, કાન્તમાં, બલવંતરાયમાં. પરંતુ એ શિખરો પાછળ ઢંકાઈ રહેલા, એ પૂર્વેના ચાર દાયકાનું ચિત્ર આપણે પૂરી રીતે પ્રમાણ્યું નથી. એટલે હું, ઈ.૧૮૪૪માં દુર્ગારામ મહેતાએ 'માનવધર્મસભા' સ્થાપી ત્યાંથી લઈને 'સરસ્વતીચંદ્ર'ના પ્રકાશનને આગલે વર્ષે, ઈ.૧૮૮૬માં ઇચ્છારામ સૂર્યરામ દેસાઈની એક પ્રબળ વિચારવેગવાળી રાજકીય નવલકથા 'હિંદ અને બ્રિટાનિયા' પ્રગટ થઈ – ત્યાં સુધીનાં ૪૨ વર્ષોની વાત કરવા માગું છું; એ સમયના કેટલાક મુખ્ય લેખકો-વિચારકોને કેન્દ્રમાં રાખીને, એ ઉદયકાળનાં તેજસ્વી બિંદુઓ બતાવવા ઇચ્છું છું.

○

**દુર્ગારામ મહેતાજી** આપણા પહેલા શિક્ષક-વિચારક હતા ને એમનો અભિગમ બુદ્ધિનિષ્ઠ હતો એટલે પોતે રચેલી સંસ્થાનું નામ એમણે '**માનવ**ધર્મસભા' રાખેલું – કેવળ ધર્મસભા કે

હિંદુધર્મસભા કે સુધારાસભા રાખેલું નહીં એ બહુ સૂચક છે. નર્મદનું જાણીતું વ્યાખ્યાન 'મંડળી મળવાથી થતા લાભ' ઈ.૧૮૫૧માં અપાયેલું – એનાં ૮ વર્ષ પહેલાં, 'માનવધર્મસભા' સમક્ષ કરેલા પહેલા વ્યાખ્યાનને અંતે દુર્ગારામે કહેલું કે, 'મંડળી મેળવવાનું ને મળવાનું મુખ્ય કારણ મેં [આજે] તમને કહ્યું.'[૨] એક બીજી નોંધપાત્ર બાબત એ છે કે પોતે માનવધર્મસભાના સ્થાપક હોવા છતાં, કોઈ પદકેન્દ્રી ઉચ્ચાવચતા ઊભી કરવાને બદલ એમણે કહ્યું હતું કે, 'આ સભામાં કોઈ મુખ્ય ગુરુ નથી, અન્યોન્ય વિચાર કરવાનો સર્વને અખત્યાર છે!'[૩] અધ્યક્ષપદ કે પ્રમુખપદવાળો રિવાજ ત્યારે જન્મ્યો નહીં હોય!

દુર્ગારામે ભૂવાઓ અને મદારીઓને જાહેરમાં પડકારેલા એ તો જાણીતું છે પરંતુ એમણે સમયથી આગળ જનારી વિચારણા પણ કરેલી. શાસ્ત્રસંમતતાનો પ્રતિવાદ કરીને એમણે છેક એ વખતે કહેલું કે, 'શાસ્ત્રોમાં વિધવાવિવાહનો નિષેધ ફરામવેલો છે એનું [ખરું] કારણ [તો] એ છે કે શાસ્ત્રકારો પુરુષો હતા.'[૪] દુર્ગારામ વિશે એક બીજી વાત પણ નોંધવા જેવી છે : આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાતની સંસ્કૃતિ ને સાહિત્યના વિકાસ અને પ્રસારમાં એલેકઝાન્ડર કિન્લોક ફાર્બસનો કેટલો મોટો ફાળો હતો. પદથી નહીં પણ પ્રેમ અને આદરથી એમને સૌ ફારબસસાહેબ કહેતા. ફાર્બસને દુર્ગારામે સામાજિક-વહીવટી કામોમાં ઘણી મદદ કરેલી, અને ખાસ તો, એ વખતે એન્ડ્રુઝ લાયબ્રેરી સ્થાપવામાં પણ સહાય કરેલી. એટલે ફાર્બસે દુર્ગારામને કોઈક સરકારી ઇલકાબ આપવા વિચાર્યું. એ જ્યારે એમણે દુર્ગારામને કહેવરાવ્યું ત્યારે એમણે નમ્રતાથી પણ સ્પષ્ટપણે કહ્યું કે – લોકો પોતાના અંતઃકરણમાં મને એલકાબ આપે એની કિંમત મારે મન વધારે છે એટલે 'જાહેર એલકાબ લેવાની ઇચ્છા હું રાખતો નથી.'[૫] એવોર્ડનો અસ્વીકાર કરનારમાં દુર્ગારામ આપણા સૌથી પહેલા કર્મશીલ સારસ્વત ગણાશે. દુર્ગારામે લખેલા 'માનવધર્મસભા'ના અહેવાલનો ઘણો ભાગ, મકાનને આગ લાગતાં નાશ પામેલો. જે બચ્યો એ મહીપતરામને એમણે સુપરત કરેલો. એમનાં બધાં લખાણો જો બચ્યાં હોત, તો વિચારક-લેખક તરીકેનાં એમનાં વધુ પાસાં ઉજાગર થયાં હોત. પરંતુ, દલપતરામે 'બુદ્ધિપ્રકાશ'માં એમને અંજલિ આપતી લેખમાળા કરેલી એમાંનો એક ઉદ્‌ગાર આપણા કાનને ચમકાવી જાય એવો છે. દલપતરામ કહે છે કે, 'મહેતાજીનો ઉચ્ચાર સ્પષ્ટ હતો!' આજે જ્યારે કેટલાક વિદ્વાન અધ્યાપકોની જીભ પણ 'સ'-'શ'ના ઉચ્ચારોમાં અટવાઈ જાય છે ત્યારે આપણા આ પહેલા શિક્ષકની ભાષા-ચોકસાઈને વંદન કરવાનું મન થાય છે.

o

અંગ્રેજીના શિક્ષણનો સીધો સ્પર્શ બિલકુલ ન પામેલા, ને કંઈક જુનવાણી ગણાયેલા **દલપતરામે** ફાર્બસના સંસર્ગથી નવી વિદ્યા, નવા હુન્નરો, નવા વિચારોને ધૃતિપૂર્વક ગ્રહણ કરેલા અને કોઠાસૂઝથી પોતાનો એક આગવો વિચારપિંડ રચેલો. એમની કવિતા-વિભાવના ને કવિશક્તિ ભલે પ્રાથમિક હતાં પણ એમની કવિતાપ્રીતિ ને વિદ્યાપ્રીતિ અપ્રતિમ હતાં. ફાર્બસ સાથે રહીને એમણે કવિતા અને સાહિત્યના પ્રસાર અને વિકાસની આજીવન એકનિષ્ઠ પ્રવૃત્તિ કરી. ગુજરાતમાં કવિસંમેલનોનો આરંભ દલપતરામે કરાવેલો, ને સંવેદનશીલોમાં કાવ્યલેખનની ઇચ્છા જગાડેલી. વળી, જ્યારે એમને લાગ્યું કે, કવિતા કરવાની ઇચ્છા તો ઘણાની હોય છે પણ પિંગળના જ્ઞાન વિના એ શક્ય નથી ને એનો અર્થ પણ નથી. એટલે એમણે 'બુદ્ધિપ્રકાશ'માં પિંગળની લેખમાળા શરૂ કરી, એટલું જ નહીં, અંગ્રેજી સ્કૂલના તેમજ નૉમર્લ સ્કૂલના વિદ્યાર્થીઓને લગભગ ૧૪ વર્ષ

સુધી પિંગળની ને કવિતા કરવાની તાલીમ આપી. એ તાલીમમાં નરસિંહરાવ દીવેટિયા અને કેશવલાલ ધ્રુવ દલપતરામના શિષ્યો હતા. કવિતા કે નવલકથાની તો અનેક આવૃત્તિઓ થતી જાણી છે પણ છંદશાસ્ત્રોનો પિંગળગ્રંથ? ઈ.૧૮૬૨માં 'ગુજરાતી પિંગળ'ને નામે પ્રકાશિત થયેલા, ને પછી દલપત પિંગળનું નામ પામેલા, દલપતરામના આ છંદશાસ્ત્રના ગ્રંથની ૧૯૨૨ સુધીમાં ૨૧ આવૃત્તિ અને ૮૬૦૦૦ નકલો થયેલી ને એ પછી પણ, એની આવૃત્તિઓ થતી રહી.[૬]

પ્રજાજીવનના લગભગ એકેએક અંશને દલપતરામ સ્પર્શ્યા હતા ને ફાર્બસની સાથે રહીને વિદ્યાપ્રસારની અને જ્ઞાનપ્રસારની, તેમજ બાળકો માટેના પાયાના શિક્ષણની પ્રવૃત્તિઓ અવિરતપણે કરી હતી એ એમની કાર્યનિષ્ઠા આશ્ચર્યચકિત કરનારી ને પ્રશસ્ય છે.

અને દલપતરામની વૈચારિક પ્રવૃત્તિનું – બલકે એમની સર્વાશ્લેષી તર્કનિષ્ઠ પ્રવૃત્તિનું સબળ માધ્યમ બન્યું હતું એમનું સામયિક 'બુદ્ધિપ્રકાશ'. સુન્દરમે દલપતરામની કવિતાનો પરિચય આપતાં કહેલું કે, દલપતરામના કાવ્યવિષયો તે વખતના સામાજિક જીવનની તમામ પ્રવૃત્તિઓનું સંપૂર્ણ કેટલૉગ બની રહે છે'[૭] એમાં કવિતાની ટીકા પણ વાંચી શકાય, પરંતુ દલપતરામે બે-અઢી દાયકા સુધી ચલાવેલા 'બુદ્ધિપ્રકાશ'ની વિધાયક પ્રશંસા કરતાં એમ જરૂર કહી શકાય કે, 'બુદ્ધિપ્રકાશે' દલપતરામના સમયનાં સર્વ સાંસ્કૃતિક સંચલનોને વિમર્શપૂર્વક આંકી આપેલાં છે.

'બુદ્ધિપ્રકાશ'ના એમના તંત્રીપદના પહેલા જ અંક (જુલાઈ ૧૮૫૫)માં એમણે વાચકો સાથે સંધાન કરેલું. એની 'વિજ્ઞપ્તિ'માં –નિવેદનમાં – એમણે વાચકોને કહેલું કે, પ્રશ્નો પૂછો, ચર્ચાપત્રો મોકલો. સામયિકના પ્રતિપોષણ(ફીડબૅક) માટે એમણે વાચકોને 'બુદ્ધિપ્રકાશ'ના અંકોની સમીક્ષા માટેય મોકળાશ આપેલી! વળી લખેલું કે, તમને કોઈ લેખ બહુ ગમે, અથવા ન ગમે તો પણ લખી જણાવવું. દલપતરામ જાણે અધોરેખિત કરીને –અંડરલાઈન કરીને કહે છે કે બુ.પ્ર.નાં લખાણોમાં ભાષા અશુદ્ધ જણાય તો તે વિશે પણ લખી જણાવવું.[૮] આજેય, કોઈપણ સંપાદકને માટે આ ધડો લેવા જેવી બાબત છે.

તંત્રીપદ સંભાળતી વખતે એમણે, પોતાનું કર્તવ્ય આવા અભિલાષથી વ્યક્ત કરેલું : 'મને બીજું કામ કરવા કરતાં મારા દેશના સુધારાનું પરોપકાર કામ કરવાની ખૂબ ધગશ છે.' (વિજ્ઞપ્તિ, જુલાઈ ૧૮૫૫) એમાં સુધારાનો એક મહત્ત્વનો અર્થ એમના મનમાં હતો તે પ્રજાની કેળવણી. અને એ કામ એમણે, પશ્ચિમના સમાચારો અને નવી શોધોની માહિતી આપીને; એ દ્વારા, અણકેળવાયેલા રૂઢ માનસ સામે વૈજ્ઞાનિક બુદ્ધિનાં પ્રતીતિકર પરિણામો ધરીને; અહીંની (બાળલગ્નાદિ) રૂઢિઓમાંથી નીકળવાના વ્યવહારુ ઉપાયો બતાવતાં અનુનયપૂર્વકનાં (પોતાનાં તેમજ અન્યોનાં) લેખો, કાવ્યો, વાર્તાત્મક લખાણો રજૂ કરીને તેમજ સાહિત્ય અને વિદ્યાના જિજ્ઞાસુ વાચકવર્ગને માટે અર્વાચીન-મધ્યકાલીન કૃતિઓ, સંસ્કૃત અને અંગ્રેજી નાટક-નવલકથાઓના સાર અને એ પરના લેખો, સાહિત્યવિચાર અને ભાષાવિચારની પ્રાથમિક પણ જિજ્ઞાસા-ઉત્તેજક વિગતો-ચર્ચાઓ પ્રગટ કરીને –એમ અનેક રીતે સર્વગ્રાહી કેળવણીનું કામ કર્યું.

'બુદ્ધિપ્રકાશ'નું ફલક કેવું વિશાળ હતું એ જુઓ : એમાં, સાદા વર્તમાનપત્રમાં આવે એવા સમાચારો આવતા (ઉ. ત. 'ટપાલના નવા દર', 'બૅન્કોનું દેવાળું', 'ગુજરાતમાં રૂપ વધારવાની રીતો – રસાયણશાસ્ત્રના નુસખા') તેમજ વિસ્મય અને જ્ઞાનને પોષક, કંઈક જ્ઞાનકોશ જેવી ઍન્સાયક્લોપીડિક માહિતી રજૂ થતી (ઉ.ત. હોર્સપાવર એટલે શું; જંગલી બતકો, સારસ, માખી એક કલાકમાં કેટલું ઊડે?–વગેરે. એમાં, ફ્રાન્સની સૌથી મોટી લાઈબ્રેરી કઈ, ત્યાંથી માંડીને જ્ઞાનલક્ષી ને તાત્ત્વિક ગણી શકાય એવી બાબતો (ઉ.ત. તામ્રપત્રો અને શિલાલેખા વિશે તેમજ શબ્દવિચાર : કેટલાક ગુજરાતી શબ્દોનાં તત્સમ રૂપ અને અર્થ – ત્યાં સુધીના વિષયોનો સમાવેશ થતો હતો, એ એની સર્વાશ્લેષી સામયિક પ્રવૃત્તિઓનો ખ્યાલ આપે છે.[૯]

આ બધામાંથી શિક્ષણ, ભાષા અને સાહિત્યના વિષયોમાં કેન્દ્રિત થઈએ તો તંત્રી અને વિચારક તરીકે દલપતરામે, પોતાની સક્રિયતા સમેતનાં, એ સમયનાં જે વલણો અને વિચારણાઓ 'બુદ્ધિપ્રકાશ'માં પ્રતિબિંબિત કર્યાં છે એ બહુ મહત્ત્વનાં, અમુક અંશે તો પરિવર્તનકારી અને થોડાંક તો આજે પણ પ્રસ્તુત જણાય એવાં છે. વિચારક-સંપાદક દલપતરામનું સંચરણ એમાં સતત ઉપર તરી આવે છે.

વિદ્યાર્થીઓને માટેની પાઠ્યસામગ્રી – 'વાચનમાળા' – તૈયાર કરવાની એ સમયની પ્રવૃત્તિ તો બહુ જાણીતી છે પરંતુ શિક્ષકો માટેય બુદ્ધિપ્રકાશે કહેલું કે, મહેતાજીઓએ વિદ્યાર્થીઓને માત્ર માહિતી આપવાને બદલે એમની બુદ્ધિ કેળવાય એવી રીતે શીખવવું; એ એક હુન્નર છે ને તેના નિયમો હોય છે.'[૧૦] ઇન્ફર્મેશન અને નૉલેજ વચ્ચેનો ભેદ એ સમજેલા. એક ધ્યાનપાત્ર વાત એ છે કે એ વખતે પણ માબાપો પોતાનાં બાળકો ગુજરાતી પૂરું ભણી રહે એ પહેલાં એમને અંગ્રેજી નિશાળોમાં મોકલવાની ઉતાવળ કરતાં એમને એક મહત્ત્વની શીખ બલકે ચેતવણી પણ 'બુદ્ધિપ્રકાશે' ઉચ્ચારેલી કે, ગુજરાતીના સારા જ્ઞાન વિના અંગ્રેજી સારું ન આવડે.[૧૧] દલપતરામની (ને અન્ય કવિઓની) 'બુદ્ધિપ્રકાશ'માં પહેલીવાર પ્રકાશિત થયેલી કેટલીક કાવ્યકૃતિઓ – તેમજ કેટલીક સંસ્કૃત-અંગ્રેજી કૃતિઓના પરિચયો – કેળવણીપોષક પણ હતાં એ જાણીતી વાતનો પણ અહીં નિર્દેશ કરવો જોઈએ.

ગુજરાતી ભાષા માટેની, એના લિખિત-મુદ્રિત રૂપની શુદ્ધિ માટેની સભાનતા, તેમજ એ શુદ્ધિ માટેના પ્રયત્નો એ સમયનાં પત્ર-પત્રિકાઓમાં પ્રતિબિંબિત થતાં રહ્યાં છે એ એક સ્વતંત્ર ને રસપ્રદ અભ્યાસનો મુદ્દો બને એમ છે. એમાં 'બુદ્ધિપ્રકાશ'ની ભૂમિકા પણ ઘણી મહત્ત્વની રહેલી. દલપતરામે એ અંગેના સમાચારો અને એ અંગેના વિચારોને મંચ પૂરો પાડેલો. 'બુદ્ધિપ્રકાશ'ના ઑક્ટોબર ૧૮૫૮ના અંકમાં, દક્ષિણી ગુજરાતી બોલીએ અને પારસી બોલીએ ગુજરાતી ભાષાને કેવી રીતે અશુદ્ધ કરી છે એ વિષય પર મહીપતરામનો વક્તવ્યલેખ પ્રગટ થયેલો. એમાં એમણે શાળાઓ માટેનાં પાઠ્યપુસ્તકો શુદ્ધ ગુજરાતીમાં હોય એવો આગ્રહ પણ સેવેલો. વળી, શુદ્ધ ઉચ્ચારોની જરૂરિયાત વિશે, સંસ્કૃત ઉચ્ચારવાની કેળવણી વિશે, 'ઝીણા વિચાર' રજૂ કરવા માટે સંસ્કૃતનો ઉપયોગ કરવો જોઈએ એ વિશે, શુદ્ધ ભાષા લખવા વ્યાકરણના જ્ઞાનની જરૂરિયાત ને એના ઉપયોગ વિશે, – 'બુદ્ધિપ્રકાશ'માં સતત લખાતું રહ્યું છે. એ ઉપરાંત, અંગ્રેજીમાંથી ગુજરાતીમાં ભાષાંતર કરતી વખતે એ અનુવાદની ભાષા અંગ્રેજી-ગુજરાતીના મિશ્રણ જેવી વિચિત્ર ભાષા ન બને એની કાળજી રાખવાની જરૂર વિશે પણ એમણે લખ્યું હતું. ડિસેમ્બર ૧૮૭૫ના અંકમાં તો 'શાસ્ત્રી ગુજરાતી ભાષા – સંસ્કૃતમાંથી ગુજરાતી અનુવાદનાં રમૂજી ઉદાહરણ' એવો એક લેખ પણ મળે છે. ભાષા અંગે દલપતરામે કેવા મોટા ફલક પર વિચાર કર્યો હતો એનો આના પરથી અંદાજ આવશે.[૧૨]

જોડણીની એકવાક્યતાની સમસ્યા એ આજસુધીનો આપણો કાયમી પ્રશ્ન છે. આપણે જાણીએ છીએ કે, ઈ.૧૯૨૯માં ગાંધીજીની દરમ્યાનગીરીથી જોડણીકોશ થયો એ પૂર્વે વિદ્વાનોમાં પણ જોડણીની અનેકવિધતાના પ્રશ્નો હતા. (એ પછી, આજે પણ એનો પૂરો ઉકેલ તો આવ્યો નથી.) પરંતુ એની વિચારણા સતત ચાલતી રહી છે એમાં કદાચ 'બુદ્ધિપ્રકાશ' પહેલું હશે. નવેમ્બર ૧૮૬૨નું 'બુદ્ધિપ્રકાશ' નોંધે છે કે, ગુજરાતી લખાણમાં જોડણીના કશા નિયમો નથી હોતા એટલે નવી વાચનમાળા માટે એકસરખી જોડણી રાખવાનો થિયોડોર હોપે ઠરાવ કરેલો અને પછી જાન્યુઆરી ૧૮૬૯માં ( જોગાનુજોગ ગાંધીજીના જન્મવર્ષ ૧૮૬૯માં!) વધુ વ્યાપક ભૂમિકાએ ગુજરાતી ભાષાની જોડણીના નિયમો સમાન કરવા માટે એક કમિટીની રચના થયેલી એમાં હોપ ઉપરાંત મહીપતરામ, નંદશંકર, દુર્ગારામ, નર્મદ, વ્રજલાલ કાળિદાસ, અને દલપતરામ હતા અને એ સૌએ નિયમોની યાદી તૈયાર કરેલી. બુ.પ્ર.માં દલપતરામનું એક બહુપરિમાણી વ્યક્તિત્વ છતું થાય છે.

તે સમયના રૂઢ પ્રજામાનસને પલટવાની દલપતરામની પદ્ધતિ 'યા હોમ કરીને પડો...' પ્રકારની ન હતી

પણ બુદ્ધિનિષ્ઠ અને તર્કનિષ્ઠ હતી. એનું એક લાક્ષણિક ઉદાહરણ, એમનું એક, લગભગ વિસારે પડેલું પુસ્તક છે – 'દૈવજ્ઞદર્પણ'. દૈવ એટલે કે ભવિષ્યને જાણવાનો દાવો કરનાર જ્યોતિષીઓ સામે ધરેલું દર્પણ. ફળજ્યોતિષ અને અજ્ઞાન સામેનો આવો ઠાવકો પણ સરળ પ્રતિકાર ભાગ્યે જ જોવા મળશે. વાતને પ્રતીતિકર રીતે – ગળે ઊતરે એ રીતે – મૂકવાની દલપતરામમાં કેવી કુનેહ હતી એ આ પુસ્તકમાંના એક વાક્ય પરથી પણ સમજાશે. જ્યોતિષીઓની ભ્રામક વિદ્યાને એ આ રીતે ઊઘાડી પાડે છે – કહે છે : 'આપણા જોશીઓ ટીપણું જોઈને ગ્રહનક્ષત્રો વિશે કહે છે (ખરા, પણ એ જ્યોતિષીઓ) આકાશમાં એ ગ્રહનક્ષત્રોને – [જ્યોતિઓને] ઓળખી બતાવી શકતા નથી.'[૧૩]

દલપતરામના વિખ્યાત નાટક 'મિથ્યાભિમાન'માં પ્રગટ થયેલી એમની વિનોદ-કટાક્ષની શક્તિ પણ આ 'દૈવદર્પણ' પુસ્તકમાં મૂકેલાં દૃષ્ટાંતોમાં દેખાય છે. એક ટૂંકું દૃષ્ટાંત જોઈએ. એ એમણે એક ખેડૂતની કેફિયત રૂપે મૂક્યું છે : જુઓ :

'એક નવો વિદ્યાર્થી નામીચા જોશી પાસે સાત વર્ષ સુધી જોતિષશાસ્ત્ર ભણ્યા પછી પોતાને ઘેર આવ્યો હતો. લોકો કહેતા હતા કે એ હોંશિયાર છે. એવામાં, મારું કંઈક ખોવાયું હતું એથી હું નાળિયેર લઈને તે નવા જોશીને પ્રશ્ન પૂછવા ગયો [...] મેં કહ્યું : મહારાજ, અમારું કાંઈ ખોવાયું છે માટે પ્રશ્ન બાંધો [...] જોશીએ તરત ઊઠીને પોતાની છાયાનાં પગલાં ભરીને પ્રશ્ન બાંધ્યું. ત્યાં કુંભ લગ્ન બેઠું. ત્યારે જોશીએ કહ્યું કે પ્રશ્નના ગ્રંથમાં લખ્યું છે કે, 'કુંભે તું મૂષકશ્ચૌરઃ – એટલે ભાઈ, તારી જે ખોવાયેલી જણસ છે એને ઉંદર લઈ ગયા છે. ત્યારે મેં કહ્યું કે, મહારાજ, પણ મારો તો બળદ ખોવાયો છે.'[૧૪]

એવી છાપ ઊભી થયેલી છે કે દલપતરામ અંગ્રેજ-સરકાર-આશ્રિત હતા. પણ એ પૂરું સાચું નથી, બલકે ફાર્બસ, હોપ, કર્ટિસ વગેરે દલપતરામનું માર્ગદર્શન લેતા હતા, ને કવેશર તરીકે એમનો આદર કરતા હતા. કર્ટિસે અને ફાર્બસે, 'બુદ્ધિપ્રકાશ'નું તંત્રીપદ સંભાળી લેવા માટે દલપતરામને કેટલું સમજાવ્યા હતા! વળી, એમને જ્યારે લાગ્યું ત્યારે એમણે, કાવ્યના માધ્યમથી, અંગ્રેજ અમલની ટીકા પણ કરેલી છે : 'પ્રજાનું દુખવર્ણન' નામના એમના એક પદ્ય-ગદ્યમય કાવ્યમાં એમણે એક પાત્રમુખે કહેવડાવ્યું છે : 'ઓ હો હો! આ રાજ્યમાં જુલમ નથી એમ હું જાણતો હતો, પણ જુલમ છે ખરો.' પછી પદ્યમાં કહે છે – 'નથી જુલમ આ રાજ્યમાં, ભૂલ્યો એવી વાત.'[૧૫]

o

દલપતરામે ખૂબ ધૃતિપૂર્વક ને ઠાવકી રીતે લોકશિક્ષણનું કામ કર્યું તો **કવિ નર્મદાશંકરે – નર્મદે** બહુ તીક્ષ્ણ અને ઉત્તેજક રીતે લોકજાગૃતિનું કામ કર્યું. નર્મદનું પહેલું પાસું એક સક્રિય સુધારક-પત્રકાર તરીકેનું છે, બીજું પાસું ઉદ્રેકશીલ પણ વિચારશીલ ગદ્યકાર-નિબંધકાર તરીકેનું છે ને ત્રીજું ને વધુ મહત્ત્વનું પાસું પરિશ્રમશીલ ને નક્કર વિદ્યાકાર્યો કરનાર સંપાદક-સંશોધક તરીકેનું છે – એના આ સર્વગ્રાહી ને બહુપરિમાણી વ્યક્તિત્વને કારણે જ નર્મદ, 'અર્વાચીનોમાં આદ્ય' તરીકે ઓળખાયેલો.

નવું વિચારનાર ને નવા જ્ઞાનને દાખલ કરનાર બૌદ્ધિકોની મંડળી રચવી એ, તે સમયની એક તાસીર હતી. નર્મદે ઈ.૧૮૫૧માં એનો વિખ્યાત નિબંધ 'મંડળી મળવાથી થતા લાભ' જેની સામે વાંચેલો એ સભાનું નામ હતું 'જુવાન પુરુષોની અન્યોન્ય-બુદ્ધિવર્ધક-સભા.' જે પછી 'બુદ્ધિવર્ધક-

સભા' એવા ટૂંકા નામે જાણીતી થઈ. એ સભા સામેનાં ભાષણોએ નર્મદનું સુધારક-વિચારક તરીકેનું કાઠું રચ્યું. પણ એકાદ દાયકામાં જ એને લાગ્યું કે હવે સ્થાપિત તત્ત્વો અને અહિતકારી દૂરિતો સામે અવાજ ઊંચકવા માટે તો એક પાક્ષિક પત્ર જ જરૂરી છે, એથી ઈ.૧૮૬૪માં એણે 'ડાંડિયો' શરૂ કર્યું. ઉદ્રેક અને ઉચ્છેદકતાનું પણ કેવું વિધાયક ને પ્રતીતિકર મૂલ્ય ઊપસી શકે એ 'ડાંડિયો'એ સિદ્ધ કર્યું. એટલે નર્મદ-સાહિત્યના અભ્યાસી સંશોધક ડૉ. રમેશ શુક્લે 'ડાંડિયો'ને 'નવજાગરણકાળનું એક અમોઘ આંદોલન'[૧૬] કહ્યું છે એ સાચું છે. 'ડાંડિયો' શરૂ કરતી વખતે નર્મદ સામે, એક પ્રતિમાન (મૉડેલ) તરીકે હતું એડિસનનું 'સ્પેક્ટેટર'; પણ નર્મદ કેવળ 'દર્શક' રહી શક્યો નથી – 'ડાંડિયો'ને છેલ્લે જ્યારે 'સન્ડે રિવ્યૂ' સાથે જોડી દેવામાં આવ્યું ત્યારે એનું નામ હતું 'એક્સપોઝર' એટલે કે 'પોકળ ખોલનાર'. 'ડાંડિયો'નું સ્વરૂપ વિચારપત્ર ઉપરાંત સમાચારપત્ર – વર્તમાનપત્ર – તરીકેનું પણ હતું, પરંતુ નર્મદે શરૂઆતના અંકોમાં જ સ્પષ્ટ કહેલું કે 'અમે [માત્ર] સમાચાર આપનાર નથી, પણ અંધેર પકડનાર છૈએ.'[૧૭]

'ડાંડિયો'માં નર્મદનું તેજાબી પત્રકારત્વ એની લાક્ષણિક શૈલીમાં પ્રગટ થયેલું છે. એ વખતે એક વૈષ્ણવ મહારાજે કોઈ સ્ત્રી પર બળાત્કાર કરેલો ને પછી એને મારી નાખેલી એ નૃશંસ ઘટનાને નર્મદ 'સાંઢે કરેલી ગૌહત્યા' તરીકે ઓળખાવે છે ને પછી આખા વૈષ્ણવ સમાજ પર તૂટી પડે છે : 'વૈષ્ણવો છેક નફ્ફટ થઈ ગયા? એમની લાજેન્દ્રિય બહેર મારી ગઈ છે!'[૧૮] અભાન અને સંવેદનશૂન્ય થયેલી પ્રજાને તીવ્ર અભિવ્યક્તિથી ઢંઢોળવાનો આવો પત્રકારધર્મ એણે દાખવ્યો છે.

ધર્મ ઉપરાંત સમાજ, શિક્ષણ, સાહિત્ય એમ દરેક ક્ષેત્રમાંની ભ્રષ્ટતાઓ, અર્ધદગ્ધતાઓ, દંભો ને અશક્તિઓને 'ડાંડિયો'એ ધરાર ઊઘાડાં પાડેલાં. નર્મદે એવા કોઈને પણ spare કર્યા નથી, નિઃશેષપણે ચાબખા મારેલા છે. પરંતુ, એની તેજાબી અને કડવી ટીકાઓ પણ પ્રતીતિકર છે – એ સમયનાં 'ચાબૂક' જેવાં પત્રોમાં હતી એવી કોઈ ભાંડણલીલા નથી[૧૯]. પત્રકારી આવેશમાં ક્યાંક એની અભિવ્યક્તિ, અલબત્ત, અસુભગ થઈ છે ખરી.

તે વખતના કેટલાક અંગ્રેજ અધિકારીઓની એણે છડેચોક નિર્ભીક ટીકા કરી છે. સરકારી તંત્રોનો એ સૌથી વધુ ટીકાકાર હતો. રેલવેના અધિકારીઓ પર ને સમર્સ નામના એક મનસ્વી ને આપખુદ કલેક્ટર પર તો એણે પ્રહારો કરેલા જ, એ ઉપરાંત શિક્ષણમાં પણ, પોતાના નામને જ આગળ કરવાની અંગ્રેજોની લોભી ને દંભી વૃત્તિને એણે પડકારેલી. 'વાચનમાળા' અંગે થિયોડોર હોપ વિશે એણે લખેલું કે, 'બધી દુનિયા જાણે છે કે [એ પુસ્તકોમાં] હોપે એક ટીંચભાર પણ લખ્યું નથી. બધી મહેનત તો ડીપોટી-ઇન્સ્પેક્ટરોની. ત્યારે એમનાં નામ કેમ બાહાર પાડ્યાં નથી?'[૨૦]

સાહિત્ય અને વિદ્યા અંગેની નર્મદની પ્રીતિ ને એની નિસબત પણ 'ડાંડિયો'માં અનેક રૂપે વ્યક્ત થઈ હતી. ત્યાં પત્રકારી ભાષા સાથે સજ્જ અભ્યાસીનો દૃષ્ટિકોણ પણ ગૂંથાતો રહ્યો છે. વિદ્યાનાં કામોમાં સજ્જતા વિનાનો કેવળ પ્રકાશન-ઉત્સાહ જ હોય તો શું થાય એ અંગેની એની ટિપ્પણીઓ આજે પણ પ્રસ્તુત જણાય એવી છે : એ લખે છે – 'ગુજરાતીઓમાં ખરા વિદ્વાન લખનારા થોડા છે [...] એકબે સિવાય બધા રાંધેલું તૈયાર ખાનારા છે. એથી જે ડીક્ષનરીઓ નીકલી તેમાંથી એકપણ સર્વોત્કૃષ્ટ નીકલી છે?'[૨૧] રાંધેલું તૈયાર ખાનારા એટલે બીજાની સામગ્રીનો સીધો જ ઉપયોગ કરનારા, મૌલિક વિચાર વિનાના. 'હોપ વાચનમાળા'માંની ભાષા વિશે એ ટકોર કરે છે કે '[એમાં]

ગુજરાતી નહીં, પણ અંગ્રેજી ગુજરાતી છે. એટલે નિશાળમાં જનાર છોકરાંઓ વગર બીજું કોણ બહારનું એને સુંગે પણ છે?'[૨૨] કેટલાક પાદરીઓએ બાઈબલના અનુવાદ કરેલા, એની અણઘડ ને અસ્પષ્ટ ગુજરાતી ભાષોનો ઊધડો લેતાં કટાક્ષપૂર્વક એણે લખેલું કે, 'એ લોકોએ જે પુસ્તકોના તરજૂમા કર્યા છે તેમાં પોતાનું લખેલું પોતે જ ભાએગે સમજે!!!'[૨૩]

'ડાંડિયો'માં એણે મળેલાં પુસ્તકો ને એના લેખકો વિશે પણ સ્પષ્ટ વાતો લખી છે. એક જગાએ નર્મદે કવિતાના સર્જનમાં નૈસર્ગિક પ્રતિભાની સાથે જ્ઞાનવર્ધનનું મૂલ્ય પણ કેવું હોય છે એ સરસ રીતે નોંધ્યું છે. એ કહે છે – 'માટે અમારા ઉગતા કવિઓને એટલી ચેતવણી આપવી પડે છે કે તેઓએ જ્ઞાનભંડોલ ખૂબ કરવો અને કાવ્યશાસ્ત્રનો અભ્યાશ કરીને લખવા માંડવું...' પછી વળી ઉમેરે છે કે 'અમારી શલાહ છે કે એકદમ છપાવી બહાર પડવાની હોંસ ગ્રંથકારે રાખવી નહીં.'[૨૪]

ડાંડિયોના આવા વિચારશીલ પત્રકારત્વ ઉપરાંત નર્મદનું ખરું મહત્ત્વનું પ્રદાન તો એનાં વિદ્યાલક્ષી કાર્યોનું છે. એનામાં ગોવર્ધનરામ વગેરેના જેવી ઉત્તમ સર્જકતા કે ચિંતનક્ષમતા નથી – તેમ છતાં એનો વિચારવ્યાપ સાંકડો ન હતો. અંગ્રેજી સાહિત્યવિદ્યાના પરિચયે એનામાં એક પ્રબળ જિજ્ઞાસા, તથા વેગીલા ઉત્સાહવાળી કાર્યશક્તિ પ્રગટેલી, એ શક્તિએ એની પાસે કેટકેટલાં વિદ્યાકાર્યો કરાવ્યાં! એણે એકલે હાથે 'નર્મકોશ' ને વળી 'નર્મકથાકોશ' કર્યા, અત્યંત પરિશ્રમપૂર્વક ને પડકારપૂર્વક એણે 'પિંગળપ્રવેશ' કર્યું, ભગવદ્‌ગીતાનું ભાષાન્તર કર્યું. એટલું જ નહીં, ખૂબ જ પરિશ્રમથી ને આયોજનપૂર્વક એણે 'રાજ્યરંગ' નામે જગતનો ઇતિહાસ લખ્યો ને એ માટે ૨૦૦ જેટલા ઇતિહાસગ્રંથો ઉથલાવ્યા; ૮ હસ્તપ્રતો મેળવીને 'દશમસ્કંધ'નું શાસ્ત્રીય સંપાદન કર્યું – પાઠાંતરો પણ નોંધતી પાઠસમીક્ષાનું ગુજરાતીનું એ સૌથી પહેલું ને નમૂનેદાર સંપાદન છે! એ **કવિ** નર્મદ ને **વીર** નર્મદ તરીકે ઓળખાયો એ બરાબર, પરંતુ આપણો આ પહેલો નિબંધકાર-ગદ્યકાર અંતતઃ તો, કોઈ પણ અતિશયોક્તિ વિના, એક કર્મઠ વિદ્યાપુરુષ હતો – એની વિદ્યાનિષ્ઠા અપ્રતિમ અને આદરપાત્ર હતી.

o

અર્વાચીન ગુજરાતીના આ ઉદયકાળનું વૈચારિક પત્રકારત્વ ઈ. ૧૮૭૮થી એક નવો વળાંક બતાવે છે – નર્મદ કરતાં પણ વધુ ઉગ્ર અને નિર્ભીક એક પ્રબળ અવાજ પ્રગટે છે ને એ અવાજ ઇચ્છારામ સૂર્યરામ દેસાઈનો છે. અગાઉ દલપતરામમાં ને ખાસ તો નર્મદમાં જોયું એમ, અંગ્રેજ વહીવટી-તંત્ર સામે નારાજગી ને અસંતોષ તો જન્મેલાં જ. નર્મદે 'ડાંડિયો'માં તો નહીં, પરંતુ ૧૮૬૬-૬૭ દરમ્યાન એણે 'વીરસિંહ' નામનું એક કાવ્ય લખેલું એમાં, એના કલ્પિત નાયકના મુખમાં અંગ્રેજ સરકારને ખુલ્લી પાડતા ઉદ્‌ગારો મૂક્યા છે. આ વીરસિંહ સ્વતંત્રતાની દેવીને સંબોધને કહે છે :

'ઓ સ્વતંત્રતા જનદેવી, રૂઠી ગઈ ક્યાંહ!

મુજ જંન થયા પરતંત્ર, હું પણ પરતંત્ર,

પ્રદેશી તણી ખાઈએ લાત...'

[પ્રદેશી એટલે પર-દેશી]. કવિનો ભાવના-આવેગ છંદના ઘોષમાં કેવો ઝિલાયો છે!

સ્વાતંત્ર્યની આવી ઇચ્છા નર્મદમાં પ્રગટેલી પણ એ કાવ્યરૂપે પ્રચ્છન્ન રહેલી. પરંતુ એ સ્વાતંત્ર્ય-ભાવ ઇચ્છારામ દેસાઈમાં ખુલ્લેઆમ ને પ્રખર રીતે પ્રગટ થાય છે – ઈ.૧૮૭૮માં એ એક સામયિક આ માટે જ જાણે આરંભે છે. એ સામયિકનું નામ જ 'સ્વતંત્રતા' છે. બે વર્ષના થઈને આ માસિકના માંડ પાંચેક અંકો પ્રગટ થયા હશે પણ એટલામાં તો ઇચ્છારામે બધું તીવ્ર રીતે આંદોલિત કરી મૂકેલું બલકે રાજતંત્રને હચમચાવી દીધેલું.

'સ્વતંત્રતા'ના પહેલા જ અંકમાં ઇચ્છારામ અંતરના ઉદ્રેકથી ને તારસ્વરે, છતાં પત્રકારની માહિતીસજ્જતાથી, ખરી ઉત્તેજના જગાડતી જે વાણી ઉચ્ચારે છે એના થોડોક અંશ જોઈએ :

'નિસ્તેજ થયેલી સ્વતંત્રતાને સતેજ કાંતિમાન કરવાની જરૂર છે કે નહીં? જ્યારે આપણા દેશની અનરગળ દોલત હીચકારા પ્રયત્ને પરદેશીઓ ઘસડી જાય [...] અને નિમક જેવી વસ્તુ પર અઘટિત વેરો લેવાય [...] ત્યારે આપણે ખરા હકને સારું સ્વતંત્ર ન થવું? [...] આ ઓશિયાલાપણું હવે સેહવાતું નથી. હવે બહુ થયું! બહુ ખમ્યું! [...] સ્નેહીઓ, આ ગુલામી હવે નથી વેઠાતી. સ્વતંત્રતા યશસુખનું ધામ છે [...] અહા, વહાલી સ્વતંત્રતા'[૨૫]

આ સામયિકનો ત્રીજો અંક થાય એ દરમ્યાન તો છાપાં-ચોપાનિયાં પર એના અભિવ્યક્તિ-સ્વાતંત્ર્ય પર નિયંત્રણ મૂકતો કાયદો આવે છે. માર્ચ(૧૮૭૮)ના અંકમાં જ, અંગ્રેજ સરકારને સીધું સંબોધીને ઇચ્છારામ લખે છે : 'અમને રાજકીય સ્વાતંત્ર્ય આપો[...] તમારાથી ગમે તેટલું રક્ષણ મળ્યું હોય તો પણ તમે પરદેશી [...] તમે અમને દબાવતા રહો એ અમારાથી કેમ સહન થાય? અમે પણ શૂરવીર છીએ [...] માટે રાજકીય સ્વાતંત્ર્ય માગવાનો અમારો હક છે.'

ઈ. ૧૯૧૬માં બાળગંગાધર ટિળકે 'સ્વરાજ મારો જન્મસિદ્ધ હક છે'ની પ્રચંડ ઘોષણા કરેલી એનો એવો જ પ્રબળ પૂર્વ-ધ્વનિ એના ચારેક દાયકા પૂર્વે ઇચ્છારામમાં પ્રગટેલો.

અલબત્ત, પૂર્ણ સ્વાતંત્ર્યના અને રાજકીય સ્વાતંત્ર્યનાખ્યાલ  વચ્ચે થોડોક ભેદ જરૂર છે, પરંતુ ઇચ્છારામે એમના બીજા સામયિક પત્ર 'ગુજરાતી'ની તંત્રીનોંધમાં અંગ્રેજોને રોકડું પરખાવેલું : 'we owe you no political debt, and if we do better take it and clear off. But as among men, there must be independence, equality and friendship.'[૨૬] [તંત્રીનોંધો અને કેટલાંક લખાણો આ સામયિકોમાં ગુજરાતી ઉપરાંત અંગ્રેજીમાં પણ કરવામાં આવતાં.]

એ સમયે થયેલાં હડતાળ અને હુલ્લડો (સુરત રાયટ્સ) માટે 'સ્વતંત્રતા'નાં લખાણો ઉશ્કેરણીજનક બનેલાં છે એમ કહીને ઇચ્છારામની ધરપકડ થયેલી. પાંચ માસ પછી એ છૂટ્યા એમાં ઇચ્છારામની અઘરી ગુજરાતી ભાષા એમની મદદે આવેલી! [કૉર્ટમાં એક વિદ્વાન સાક્ષીએ કહેલું કે, ઇચ્છારામનાં લખાણોની ભાષા એવી સંસ્કૃતમય અઘરી ગુજરાતી હતી કે એ સમજાય તો લોકો ઉશ્કેરાય ને!].

જો કે પ્રજાના એક ખાસ વર્ગમાં એ સમયે, સંસ્થાનવાદી – કૉલોનિયલ મનોદશા પણ હતી. એ અંગેની પણ એક વાત નોંધી લેવી રસપ્રદ બનેશે. લોલુપતાથી સત્તાને શરણે રહેનારાઓ પર વેધક કટાક્ષ કરતું એક લાક્ષણિક લખાણ ઈ.૧૮૭૪માં મળી આવે છે. 'અંગરેજ સ્તોત્ર' નામની એક નાનકડી પુસ્તિકા અર્ધ-સંસ્કૃત ભાષારૂપમાં લખાયેલી ને એનો હિંદી તથા ગુજરાતીમાં અનુવાદ

થયેલો. એનો એક અંશ અહીં રજૂ કરું છું. : એ કહે છે –

'હે અંગરેજો! તમે કાયદાના કરનાર અને નોકરીના આપનાર છો **તેથી** અમે તમને પ્રણામ કરીએ છીએ. '(હે અંગરેજો!) તમે ઇન્દ્ર છો, તમે ચન્દ્ર છો, તો હે માન-દ! અમને ટાઇટલ, એટલે કે ખેતાબ આપો. હે ભગતવતસલ! અમે તમારું જૂઠણ ખાવાની ઇચ્છા કરીએ છીએ [...] હે અંતરજામી! તમે અમને વિદ્વાન કહો એ હેતુથી જ અમે વિદ્યા ભણીએ છીએ. હે સરવ-દ! અમને નોકરી આપો, અમને રાવબહાદુર બનાવો [...] કદાચિત એવું ન બની શકે એમ હોય તો છેવટે અમને રાતના ખાણાનું નોતરું આપો'

પુસ્તિકાને અંતે, કટાક્ષની ધાર વાળો 'ફળલાભ' પણ અપભ્રષ્ટ સંસ્કૃતમાં છે :

વિદ્યારથી લભતે વિદ્યામ્, ધનારથી લભતે ધનમ્

સ્ટારાર્થી લભતે સ્ટારમ્...

ભવપાશ વિનિર્મુક્તઃ **અંગરેજલોકે** સ ગચ્છતિ.[૨૭]

ઇચ્છારામ દેસાઈનું બીજું સામયિક 'ગુજરાતી' [આ નામ નર્મદે આપેલું!] ઇચ્છારામની વિદ્યાનિષ્ઠા અને ભાષાનિષ્ઠાનું એક ઊજળું દૃષ્ટાંત બન્યું. એ સામયિકનું સૌથી નોંધપાત્ર કામ તો ગુજરાતી ભાષાનાં શુદ્ધિ, સરળતા ને અસરકારકતા અંગેનું હતું. એનો પહેલો અંક એક પારસી પ્રેસમાં છપાયેલો ને એમાં ઘણી મુદ્રણ-અશુદ્ધિઓ હતી. એથી, અગવડ વેઠીને પણ તરત ઇચ્છારામે પ્રેસ બદલી નાખ્યો, એટલું જ નહીં, ૧૮૮૪માં તો એમણે પોતાનો 'ગુજરાતી પ્રિન્ટીંગ પ્રેસ' સ્થાપીને શુદ્ધ-સ્વચ્છ મુદ્રણ અંગેનો આગ્રહ પાળ્યો – સદીને અંતે તો એમણે 'ગુજરાતી ટાઇપ ફાઉન્ડ્રી' સ્થાપીને ગુજરાતીમાં સંશુદ્ધ મુદ્રણનો એક મહત્ત્વનો વળાંક આણ્યો. તે સમયનાં ગુજરાતીનાં ઉત્તમ પુસ્તકો ગુજરાતી પ્રેસે પ્રગટ કરેલાં હતાં.

ગુજરાતી પર, અંગ્રેજી પર, સંસ્કૃત પર પ્રભુત્વ ધરાવનાર આ ઇચ્છારામ દેસાઈની કારકિર્દી બહુ વિલક્ષણ છે! બાળપણમાં બિમાર રહેતા હોવાથી ઇચ્છારામને છ ધોરણ પછી તો અભ્યાસ છોડી દેવો પડેલો. એ પછી, તબિયત વળતાં, એમણે 'મુંબઈ સમાચાર'માં પ્રૂફરીડર તરીકે નોકરી કરી, ને ત્યાં બીબાં ગોઠવનાર કંપોઝીટરની કામગીરી પણ કરી! (ગોડાઉનકીપર પણ રહ્યા) એવી નોકરીઓ કરતાં કરતાં પણ ઇચ્છારામે દૃઢ સંકલ્પથી ને સખત પરિશ્રમથી સંસ્કૃત અને અંગ્રેજીનો સ્વાશ્રયી અભ્યાસ કર્યો. એના પરિણામસ્વરૂપે, 'વાલ્મીકિ રામાયણ' સમેત અંગ્રેજી-સંસ્કૃતના ૧૫ જેટલા ગ્રંથોના અનુવાદો આપ્યા. ગુજરાતી મધ્યકાલીન સાહિત્યકૃતિઓના સંકલન-સંપાદન જેવા 'બૃહત્ કાવ્યદોહન'ના આઠ ગ્રંથો પ્રગટ કર્યા ને નરસિંહ મહેતાનાં ૧૫૦૦ જેટલાં પદો એકઠાં કરીને 'નરસિંહકૃત કાવ્યસંગ્રહ' આપ્યો. 'સ્વતંત્રતા' સામયિકમાં જ આરંભેલી ને પછી ૧૮૮૬માં પ્રગટ કરેલી 'હિંદ અને બ્રિટાનિયા' એમની વિલક્ષણ રાજકીય નવલકથા બલકે રૂપકકથા છે. ભરતખંડની હિંદદેવી અને ઇંગ્લૅન્ડની બ્રિટાનિયા તથા સ્વતંત્રતા દેવી વચ્ચેના ઉગ્ર સંવાદો રૂપે લખાયેલી, સ્વાતંત્ર્યેચ્છાની આ નવલકથા પર 'રાજદ્રોહ'નો આરોપ મુકાયેલો. [એ પછી ૧૯૨૭માં ગાંધીજીના પુસ્તક 'નીતિનાશને માર્ગે' ઉપર પણ રાજદ્રોહનો આરોપ મુકાયેલો.]

ઇચ્છારામની આવી વિદ્યાસાધના અને ઉત્કટ વૈચારિક સમૃદ્ધિ આજે પણ આપણને આશ્ચર્યચકિત કરે એવાં છે.

૦

અગાઉ કહ્યું એમ મારે અહીં, આ ઉદયકાળના સાહિત્યની સમીક્ષા-વિવેચના કરવી ન હતી પણ એ પ્રબુદ્ધ કાળના કર્મઠ લેખકોની વૈચારિક સ્પષ્ટતા અને સમૃદ્ધિનો; એમનાં વિરલ ગણાય એવાં વિદ્યાવ્યાસંગ અને વિદ્યાનિષ્ઠાનો ને ગુજરાતી ભાષા તરફની એકનિષ્ઠ પ્રીતિનો એક આલેખ આપવાનો  આશય હતો, એટલે જાણીતી વાતોને બાજુએ રાખીને મેં એ સમયની અલ્પપરિચિત ને અપરિચિત સિદ્ધિઓને અહીં આલેખી છે. સુધારકયુગ ગણાયેલા એ સમયની સુધારા અંગેની સમજ કેવા વિશાળ ફલક પર પ્રવર્તતી હતી એનું એક દૃષ્ટાંત આપીને હું સમાપન તરફ જઈશ.

એ વખતની એક લાક્ષણિક સ્થિતિ એ હતી કે, છાપખાનાં – પ્રિન્ટીંગ પ્રેસો આવવાથી, લોકોમાં પોતે લખેલું છપાવવાની ઇચ્છા ઉપરાંત છપાવવા માટે પણ લખવાની વૃત્તિએ ઉપાડો લીધેલો! એથી, નવલરામ જેવા સમીક્ષકને આ પ્રવૃત્તિ અટકાવવી એ એક વિવેચક તરીકે જ નહીં પણ એક પ્રજાહિત-ચિંતક સુધારક  તરીકે પણ જરૂરી લાગેલી. એ માટે એમણે 'શાળાપત્ર'માં જે લખેલું એ અનેક રીતે નોંધપાત્ર છે. એમણે કહેલું કે, 'નઠારી ચોપડીઓ બહુ વધવા માંડી છે તેથી **<u>ભાષા</u>** બગડી જાય છે. સૌથી વધારે નઠારો પરિણામ એ થાય છે કે લોકોમાં ખોટું **<u>રસજ્ઞાન</u>** વધે છે ને ખરી વિદ્વત્તાનો શોખ ઘટે છે.'[૨૮] (શબ્દો અધોરેખિત મેં કર્યા છે.) સાહિત્યનાં ધોરણોના તેમજ પ્રજારુચિના પતન અંગેની એમની ચિંતા કેટલી વાજબી ને કેવી તો દૂરદષ્ટિવાળી હતી! વળી, ઈ.૧૮૭૫માં નવલરામે કવિતા વિશે જે કહેલું એમાં, પછીના પંડિતયુગમાં આવનાર દુરારાધ્ય ને સ્પષ્ટવક્તા વિદ્વાન બલવંતરાય ઠાકોરનો જાણે કે પૂર્વ-ઘોષ સંભળાય છે. નવલરામ લખે છે – 'કવિતા એવો ઊંચો વિષય છે કે એમાં નાદાન છોકરાં કકલાણ કરવા આવે તો તેઓ ધમકાવી કાઢવાં એ જ ઉત્તમ માર્ગ છે.'[૨૯] આવી સ્પષ્ટ વાત આજે તો જાણે સંભળાતી જ બંધ થઈ છે!

અને એટલે, સામ્પ્રતના સંદર્ભે નર્મદનું ગૌરવ કરતી નિરંજન ભગતની પંક્તિઓ યાદ આવે છે –

'ક્યાં તુજ જોસ્સો કેફ, ક્યાં આ જંતુ માણહાં
માથા પરની રેફ, નર્મદ, સ્હેજ ખસી ગઈ.'

આપણે ઇચ્છીએ કે એ રેફ પાછી એના સ્થાને ખસેડવાના સન્નિષ્ઠ પ્રયાસો આપણે સૌ કરીએ. નિરંજન ભગતને પણ એ સાચી અંજલિ હશે. ને 'દિસે અરુણું પરભાત...'  એમ કહેનાર કવિ નર્મદને પણ  એ સાચી અંજલિ હશે.

ફરી એકવાર નિરંજન ભગત સ્મૃતિ-પ્રતિષ્ઠાનનો તેમજ ઉપસ્થિત સૌ સાહિત્ય-વિદ્યા-રસિકોનો આભાર માનીને મારી વાત પૂરી કરું છું.

..............................................................

**સંદભનોંધો :**

**૧.** 'બુદ્ધિપ્રકાશ', જાન્યુઆરી ૧૮૬૨.('બુદ્ધિપ્રકાશ'ના નિર્દેશોમાં ચી. ના. પટેલના''બુદ્ધિપ્રકાશ : સ્વાધ્યાય અને સૂચિ'ની ઘણી સહાય મળી છે.)

**૨,૩,૪,૫.** આ ઉદ્ધરણો 'મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર', પુનઃસંપાદન, રમેશ શુક્લ-માંથી. (સંપાદકે મહીપતરામે ૧૮૭૯માં પ્રકાશિત કરેલા 'મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર' ઉપરાંત દલપતરામે 'બુદ્ધિપ્રકાશ'ના નવેમ્બર ૧૮૭૬થી ઑક્ટોબર૧૯૭૭ સુધીના અંકોમાં દુર્ગારામને અંજલિરૂપે લખેલો 'મહેતાજી દુર્ગારામનો ઇતિહાસ' પણ આ પુનઃસંપાદનમાં સમાવી લીધો છે.)

૬. જુઓ 'દલપતપિંગળ', સંપાદક ચિમનલાલ ત્રિવેદી (૨૦૦૧)નું સંપાદકીય

૭. 'અર્વાચીન કવિતા'(૧૯૪૬), પુનર્મુદ્રણ ૨૦૦૪, પૃ.૧૦.

૮. જુઓ 'બુદ્ધિપ્રકાશ : સ્વાધ્યાય અને સૂચિ',પૃ.૨૨ ('બુદ્ધિપ્રકાશ', જુલાઈ ૧૮૫૫)

૯. આ વિગતોની તારવણી 'બુદ્ધિપ્રકાશ : સ્વાધ્યાય અને સૂચિ'માંથી

૧૦. 'બુદ્ધિપ્રકાશ', જાન્યુઆરી ૧૮૬૦

૧૧. 'બુદ્ધિપ્રકાશ', જાન્યુઆરી ૧૮૬૨

૧૨. સંકલન 'બુદ્ધિપ્રકાશ : સ્વાધ્યાય અને સૂચિ'માંથી

૧૩,૧૪. 'દૈવજ્ઞદર્પણ',૧૮૭૩

૧૫. 'દલપતકાવ્ય',ખંડ-૨,પૃ.૧૬

૧૬. 'ડાંડિયો', સંપાદક રમેશ શુક્લ, ૧૯૯૬, પ્રસ્તાવના, પૃ.૮

૧૭. 'ડાંડિયો', ૧૫ ડિસેમ્બર ૧૮૬૪

૧૮'ડાંડિયો', ૧ ઑક્ટોબર ૧૮૬૫

૧૯. તોછડી ને ગ્રામીણ ભાષા, સમકાલીન સમાચારપત્રોના તંત્રીઓ વિશે પણ હલકી ભાંડણલીલા, વગેરેને લીધે 'ચાબૂક'નુ લાઇસંસ પણ થોડોક વખત માટે જપ્ત થયેલું.

૨૦. 'ડાંડિયો', ૧૫ જુલાઈ ૧૮૬૫

૨૧. 'ડાંડિયો', ૧ ઑક્ટોબર ૧૮૬૭

૨૨,૨૩. 'ડાંડિયો', ૧૫ જુલાઈ ૧૮૬૫

૨૪. 'ડાંડિયો', ૧ એપ્રિલ ૧૮૬૮

૨૫. 'સ્વતંત્રતા', જાન્યુઆરી ૧૮૭૮

૨૬. 'ગુજરાતી', જૂન ૧૮૮૩

૨૭. 'ગુજરાતી કવિતામાં પ્રતિબિંબિત રાષ્ટ્રીય અસ્મિતા', દિલાવરસિંહ જાડેજા, ૧૯૭૪, પૃ.૭૮

૨૮. 'નવલગ્રંથાવલિ [સંપા. ગોવર્ધનરામ ત્રિપાઠી,૧૮૭૫] ખંડ ૨', પુનઃસંપા. રમેશ શુક્લ, ૨૦૦૬, પૃ.૧૦૨

૨૯. એ જ, પૃ ૧૦૧

**સંદર્ભગ્રંથો :**


જાડેજા, દિલાવરસિંહ, 'ગુજરાતી કવિતામાં પ્રતિબિંબિત રાષ્ટ્રીય અસ્મિતા', ૧૯૭૪

પટેલ,ચી. ના. (સંપાદક), 'બુદ્ધિપ્રકાશ : સ્વાધ્યાય અને સૂચિ', ૧૯૯૯

શુક્લ, રમેશ (સંપાદક),

–'ડાંડિયો' (ગ્રંથરૂપે સંકલન), ૧૯૯૬

–'મહેતાજી દુર્ગારામ મંછારામ ચરિત્ર'(મહીપતરામ નીલકંઠ, ૧૮૭૯ અને દલપતરામ,૧૮૭૬-૭૭), પુનઃસંપાદન, ૨૦૦૪

સોની, રમણ, 'ગિરિધરો અને પિચ્છધરોની વચ્ચે', ૨૦૧૩-માંથી

(૧)'૧૯મી સદીનાં સામયિકો, સાંસ્કૃતિક-સાહિત્યિક પ્રવાહો',

(૨) 'હિંદસ્વરાજ'ની પશ્ચાદ્ભૂ : સુરાજ્યથી સ્વરાજ્ય' - એ બે લેખો


.............................................

* 'નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ, અમદાવાદ'ના ઉપક્રમે અમદાવાદમાં તા. ૨૮ મે ૨૦૨૨ના દિવસે કરેલું વક્તવ્ય

૦ ૦ ૦